# દાંતીવાડા તાલુકા પંચાયત બિલ્ડીંગમાં કચરાના ઢગ

દાંતીવાડા, તા.૧૪

દાંતીવાડા તાલુકા પંચાયતના બિલ્ડીંગમાં ગમે ત્યાં કચરો એકત્રિત થયેલ જોવા મળે છે છતાં દર મહીને પગારોના વાવચર ઉધરી રહ્યા છે ખરેખર સફાઈ કામદારો સફાઈ કેમ નથી કરતા એ ચર્ચાનો વિષય છે અને બિલ્ડીંગના બે શૌચાલયોની કે જયાં બેહદ દુર્ગંધ અને વોસ-ટબ તૂટીને ગમે ત્યાં પડયા છે તો ઈલેકટ્રીક ટયુબો અને બોર્ડ ગમે તેમ લટકેલા શોટ સર્કિટની ભીતિ સેવી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ દાંતીવાડા તાલુકાનું મુખ્ય મથક ગણાતું તાલુકા પંચાયતનું બિલ્ડીંગ કે જયાં જીવન જરુરીયાત વસ્તુઓની કોઈ જ કદર ના ગણી તેની સાચવણી કે સફાઈ કરવામાં નથી આવતી, પંચાયતના બિલ્ડીંગમાં ગમે ત્યાં કચરાના ઢગલા યથાવત જોવા મળે છે, શૌચાલયોની અંદર પણ સફાઈઓ ના થતા દુર્ગંધ આવી રહી છે કોઈ પણ પ્રકારનું ઈલેકટ્રીક ફીટીંગ નથી તે શોટ સર્કીટ થઈને જાનહાની થાય તેવી દશામાં છે. શું આ બધું જવાબદાર અધિકારીઓને ધ્યાને નથી આવતું? કે પછી જોવા નથી માંગતા? કદાચ તાલુકા વિકાસ અધિકારી તેમજ તાલુકા પ્રમુખને તેમના ચેમ્બરોમાં સેપરેટ શૌચાલયો હોવાથી તેમને પંચાયત ના કામે આવનાર લોકો તેમજ અન્ય સ્ટાફની જરુરિયાતો પુરતી ન પણ જણાયને આમ તો સર્વ તાલુકાના કર્તા-હર્તા એટલે તાલુકા પંચાયત કે જે દરેક ગ્રામ પંચાયતોની દેખરેખ રાખી સ્વચ્છ તેમજ નિર્મળ ગામોનું નિર્માણ કરવાનું કામ તેમજ વિકાસના કામો કરતી હોય છે. પરંતુ દાંતીવાડા તાલુકા પંચાયત પોતે પોતાના જ બિલ્ડીંગની દેખરેખમાં નિષ્ક્રિય જણાઈ રહી છે તો તાલુકાનું ધ્યાન કેવી રીતે રાખશો? જે સમગ્ર વિષય હાસ્યનો તો છે જ પરંતુ લાપરવાહી ધરાવતા અધિકારીઓની બેદરકારીનો પણ છે હવે જોઈએ શું તંત્ર શું પગલાં લે છે.


(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)



## તલોદના મોતેસરી ગામમાં કાળિયાના રોગચાળાનો આતંક

સાબરકાંઠાના તલોદ તાલુકાના મોતેસરી ગામના ખેતરોમાં વાવેતર કરેલા જીરૂના પાકમાં 'કાળિયા'ના રોગચાળાએ પોતાનો પંજો ફેલાવતા સમગ્ર પાક સત્યાનાશને આરે જઈ પહોંચ્યો છે. અંદાજીત ૪૦૦ વિઘા જમીનમાં કરેલા જીરાના વાવેતરમાં આ કાળિયા નામના વિનાશક રોગચાળાએ વ્યાપકપણે ઉપદ્રવ કરીને ભારે તારાજી સર્જી દેતા જીરાના ઉત્પાદક એવા ખેડૂત પરિવારની હાલત કફોડી બની છે. આ રોગચાળો કલાકોમાં કરોડો ગણો વધી જઈને ભારે આફત આચરતો હોવાથી આજે ખેતરોમાં ઉછરેલો જણાતો પાક થોડા દિવસોમાં જ ફુગ વળી જતા કાળો પડી જઈને ખતમ થઈ જાય છે. (તસવીર : દશરથ વણઝારા)

# જેલમાં આરોપીને સગવડ આપવા ૭૫૦ની લાંચ લેતા હેડ કોન્સ્ટેબલ રંગે હાથ ઝડપાયો

મહેસાણા, તા.૧૪

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે સબ જેલમાં રહેલ આરોપીને સગવડ આપવા તથા મળવા અંગે આરોપીના મિત્ર પાસેથી રૂપિયા ૭૫૦ની લાંચ લેતાં હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલને મહેસાણા લાંચ રૂશ્વત વિરોધી શાખાના અધિકારીઓએ રંગે હાથ ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી કરી છે.

વિગત એવી છે કે વડનગર તાલુકાના છાબલીયા ગામના મંગાજી પ્રહલાદજી ઠાકોરનો મિત્ર સુરેશ ગુનાના કામે વડનગર જેલમાં હોવાથી મંગાજી અવારનાર મિત્રને મળવા જતા હતા ત્યારે અત્રે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલે સુરેશ ઠાકોરને સગવડ આપવા તેમજ મળવા બાબતે સગાજી ઠાકોર પાસે ૭૫૦ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. આથી મંગાજી ઠાકોરે મહેસાણા એ.સી.બી. કચેરીના અધિકારીઓનો સંપર્ક સાધતાં લાંચ અંગે છટકાનું આયોજન થયું હતું. જેમાં મંગાજી ઠાકોર પાસેથી રૂપિયા ૭૫૦ની લાંચની માંગણી કરી હતી. આથી મંગાજી ઠાકોરે મહેસાણા એ.સી.બી. કચેરીના અધિકારીઓનો સંપર્ક સાધતાં લાંચ અંગે છટકાનું આયોજન થયું હતું. જેમાં મંગાજી ઠાકોર પાસેથી રૂપિયા ૭૫૦ની રકમની લાંચ સ્વીકારતા હેડ કોન્સ્ટેબલ જશવંતભાઈ લાવા તેમજ પોલીસ કોન્સ્ટેબલ જીગર પ્રવિણભાઈ ચૌધરી રંગે હાથ ઝડપાઈ ગયા હતા. લાંચની રકમમાંથી ૨૫૦ રૂપિયા પોલીસ કોન્સ્ટેબલને આપવામાં આવ્યા હતા. આ અંગે મહેસાણા એ.સી.બી. અધિકારીઓએ ઉપરોકત બંને પોલીસ કર્મચારીઓ વિરુધ્ધ લાંચ રૂશ્વત વિરોધી અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


ખેડબ્રહ્માવાળી માં અંબા પ્રત્યે અસિમ શ્રધ્ધા ધરાવતા નાના મોટા માઈ ભકતોમાં ભગવતીના દર્શન કરવા આવી પહોંચ્યા હતા. નાના અંબાજી તરીકે જગ વિખ્યાત ખેડબ્રહ્માના માં અંબાજીના દર્શનાર્થે બારે માસ માઈ ભકતો આવે છે. આજે શુક્રવારે મહા સુદ પૂનમ નિમિત્તે વહેલી સવારથી જ ભકતો કતાર બધ્ધ દર્શન કરવા ઉભા થઈ ગયા હતા. દૂર દૂરથી આવેલા શ્રધ્ધાળુઓએ માં અંબાના ચરણોમાં મસ્તક નમાવી ધન્યતા અનુભવી હતી. બહાર ગામથી મોટી સંખ્યામાં પૂનમ ભરવા પગપાળા આવી પહોંચ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# આવતીકાલે મહેસૂલી તલાટીની પરીક્ષા

## સાબરકાંઠા જિલ્લાના ૧૧૮ કેન્દ્રો ઉપર ૪૨૯૯૫ ઉમેદવારો પરિક્ષા આપશે

## ૩૦૦૦ અધિકારી-કર્મચારી પરીક્ષા સંચાલનની કામગીરી કરશે

હિંમતનગર, તા.૧૪

તા.૧૬મી ફેબ્રુઆરીએ યોજાનાર મહેસૂલી તલાટીની પરીક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લાના ૧૧૮ કેન્દ્રો ઉપર ૪૨૯૯૫ ઉમેદવારો પરિક્ષા આપશે જેમાં ૩૦૦૦ જેટલા અધિકારી કર્મચારી પરિક્ષા સંચાલનની કામગીરી સંભાળશે.

સાબરકાંઠામાં મહેસૂલી તલાટીની ૧૬મી ફેબ્રુઆરીએ યોજાનાર પરિક્ષા અંગે વિગતવાર માહિતી આપતાં પ્રાંત અધિકારી રીંકેશ પટેલે જણાવ્યું હતું કે મુકત અને શાંત વાતાવરણમાં મહેસૂલી તલાટીની પરીક્ષા યોજાય તે માટે વહીવટી તંત્ર સજ્જ છે. જિલ્લા કલેકટર બંછાનધિ પાનીની રાહબરી અને માર્ગદર્શન હેઠળ પરીક્ષા યોજાનાર છે. જેમાં ૩૦૦૦થી વધુ અધિકારી કર્મચારી પરીક્ષાનું સંચાલન કરશે. જિલ્લાના ૧૧૮ કેન્દ્રો ઉપર ૧૮૩૪ બ્લોકમાં ૪૨૯૯૫ ઉમેદવારો પરિક્ષા આપનાર છે. દરેક કેન્દ્ર પર વર્ગ ૧-૨ના અધિકારીની ઓબ્ઝર્વર તરીકે નિમણુંક કરવામાં આવી છે. તમામ કેન્દ્રો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. સંવેદનશીલ કેન્દ્રો પર વિડીયોગ્રાફી કરાશે. ઉમેદવારે ૧૬મી ફેબ્રુઆરી સવારે ૧૧ કલાકે વર્ગખંડમાં પ્રવેશ અપાશે. ૧૨ કલાકે પરીક્ષા શરૂ થશે. પરીક્ષા કેન્દ્રના ૧૦૦ મી.માં ૪થી વધુ વ્યકિતઓના ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. સમગ્ર પરિક્ષા પ્રક્રિયા ઉપર જિલ્લા કલેટરની સ્પેશિયલ સ્કવોર્ડની વૉચ રહેશે.

**કયા તાલુકામાં કેટલા ઉમેદવારો**


| અ.નં. | તાલુકો | કેન્દ્રની સંખ્યા | બ્લોકની સંખ્યા | ઉમેદવારની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૫૪ | ૬૦૮ | ૧૮૨૧૫ |
| ૨ | પ્રાંતિજ | ૧૭ | ૨૧૯ | ૬૫૭૦ |
| ૩ | તલોદ | ૧૦ | ૧૩૫ | ૪૦૫૦ |
| ૪ | ઈડર | ૨૧ | ૨૮૩ | ૮૪૯૦ |
| ૫ | વડાલી | ૫ | ૫૬ | ૧૬૮૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૧ | ૧૩૩ | ૩૯૯૦ |
| કુલ | | ૧૧૯ | ૧૮૩૪ | ૪૨૯૯૫ |

# મહુવા ખાતે શિખરબધ્ધ નૂતન મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

## યજ્ઞવિધિમાં મુખ્ય મહેમાન તરીકે પરમ શ્રધ્યેય મોરારી બાપુ હાજર રહેશે : પ્રતિષ્ઠાના દિવસે અતિથિવિશેષ તરીકે ભાવનગર કલેકટર અને કમિશનર ઉપસ્થિત રહેશે

અમદાવાદ, તા. ૧૪

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા તથા પ.પૂ.પ્ર.બ્ર.સ્વ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ભાવનગર જિલ્લાના મહુવામાં પંચ શિખરના ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય સંપન્ન થયેલ છે. નેશનલ હાઈવે નં. ૫૧ (બાયપાસ) પર મોખરાના સ્થાને ૭ એકર જેટલા વિશાળ



વિસ્તારમાં આ મંદિર બંધાયું છે. જેમાં સુંદર બાગબગીચા પણ વિકસાવવામાં આવ્યા છે.

આ મંદિર ભારતીય શિલ્પ સ્થાપત્ય અને કલાકારીગરીથી સભર અને રાજસ્થાનના બંસીપહાડપુરના ગુલાબી પથ્થરોમાંથી તૈયાર થયેલ છે. મંદિરની લંબાઈ ૧૪૦ ફૂટ, પહોળાઈ ૯૦ ફૂટ તથા ઊંચાઈ ૭૦ ફૂટ છે. જેમાં બારીક કોતરણી વાળા એક અત્યંત વિશાળ મુખ્ય ઘુમ્મટની સાથે ૧૫૦થી પણ વધુ સ્તંભો અને ૧૩ કલાત્મક ઘુમ્મટ ખંડો છે. બે માળના આ મંદિરના બાંધકામમાં સ્ટીલ અને સિમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

માત્ર સાડા ત્રણ વર્ષમાં જ આ મંદિરનું નિર્માણ કાર્ય પરિપૂર્ણ કરવામાં આવેલ છે. નિર્માણ કાર્યમાં અગાઉના પૂજ્ય ભક્તિતનયદાસ સ્વામી તથા સંસ્થાના પ્લાનિંગસેલના આયોજક સંતો તેમજ સૌરાષ્ટ્રના હજારો ભક્તોનું અપૂર્વ યોગદાન છે.

આ મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મશ્રી ગુણાતીતાનંદ સ્વામી, સદગુરૂશ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નીલકંઠવર્ણી મહારાજ, શ્રી હનુમાનજી, શ્રી ગણેશજી, શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી સીતા-રામ, શ્રી શીવ-પાર્વતની તથા ગુરૂપરંપરાની મૂર્તિઓની પ્રતિષ્ઠા વૈદિક વિધિથી શાસ્ત્રોક્ત રીતે થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના ગુરુના ગુરુ એવા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જન્મસ્થાનમાં આ મંદિર નિર્મિત થયું છે. એટલા માટે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની સાથે સાથે તા. ૧૫-૨-૨૦૧૪ના દિવસે રાત્રે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની સ્મૃતિમાં સંગીત, નૃત્ય, સંવાદો તથા અન્ય રસસભર કાર્યક્રમો થશે.

તા. ૧૬ ફેબ્રુઆરી સવારે ૭ થી ૧૨ દરમ્યાન વિશ્વશાંતિ સ્વામિનારાયણ મહાયાગ અને બપોરે ૩ થી ૬ દરમ્યાન મહુવા શહેરમાં શોભાયાત્રા યોજાશે. જેમાં પૂ. મોરારી બાપુ ખાસ ઉપસ્થિત રહેશે

તારીખ ૧૭-૨-૨૦૧૪ના શુભદિને સવારના ૭.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન આ મંદિરમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે પૂજન અને આરતી કરવામાં આવશે. મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા સંસ્થાના સદગુરૂ સંતવર્યો પરમ પૂજ્ય મહંતસ્વામી, પ.પૂ. ડોક્ટરસ્વામી, પ.પૂ. ત્યાગવલ્લભસ્વામી, પ.પૂ. કોઠારી ભક્તિપ્રિય સ્વામી, પ.પૂ. ઘનશ્યામચરણસ્વામી તથા પ.પૂ. વિવેકસાગર સ્વામીના વરદ હસ્તે થનાર છે. તથા તે દરમ્યાન ૯.૩૦ થી ૧૨ સુધી ખાસમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સભા પણ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય શ્રી ભાવનગર કલેક્ટરશ્રી તથા કમિશનર તેમજ રાજકીય, શૈક્ષણિક, સામાજીક ક્ષેત્રના તેમજ અનેક મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહેશે.

## મહેસાણા તાલુકા રાવળ સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

મહેસાણા, તા. ૧૪

મહેસાણા તાલુકા રાવળ યોગી સમાજ વિકાસ મંડળ દ્વારા આગામી તા. ૧૬ ફેબ્રુઆરી, રવિવાર, ગોપાલક વિદ્યામંદિર સુવિધા કોલેજ હેડુવા(રાજગર) ખાતે સમાજના તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ અને વય નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારંભ યોજવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં તેજસ્વી વિદ્યાર્થીઓએ અને વય નિવૃત્ત કર્મચારીઓએ સમારંભમાં ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

## ગુજરાત પ્રદેશ દલિતસેનાની અમદાવાદમાં આજે બેઠક

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત પ્રદેશ દલિત સેના દ્વારા તા.૧૫મી ફેબ્રુઆરીએ સવારે ૧૧.૦૦ કલાકે સરકીટ હાઉસ શાહીબાગ અમદાવાદમાં બેઠક યોજાશે. દલિતોના પ્રશ્નો, સંગઠન મજબૂત કરવા તેમજ ભાવિ કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લા દલિત સેનાના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# હિંમતનગર ખાતે માતા યશોદા એવોર્ડ, કન્યા કેળવણી નિધિ સહાય એનાયત કરાઈ

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે રાજ્ય કાયદા અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનું મહિલા સંમેલન અને પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયા હતા.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

પ્રાસંગિક ઉદ્બોધન કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે આંગણવાડીના બહેનો પણ બાળકના બીજા માતાની ભૂમિકા ભજવે છે અને બાળકના ભાવિનું ઘડતરકાર્ય કરે છે. આથી રાજ્ય સરકારે આંગણવાડીની બહેનોને તેમની કામગીરીને બિરદાવવાના ઉદ્દેશ્યથી માતા યશોદા એવોર્ડની શરૂઆત કરી છે. જેથી આંગણવાડીની બહેનોની પણ સમાજમાં એક અલગ ઓળખ ઉભી થઈ છે.

શ્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, મહિલા અને બાળ વિકાસના ઉદ્દેશની સાથોસાથ રાજ્ય સરકારે યુવાનો અને યુવતિઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા ખેલમહાકુંભની શરૂઆત કરી છે. ૨૧મી સદીનું ભારત આજના યુવાનોના હાથમાં છે. આથી તેમને તેમની શક્તિઓને ખીલવવા પૂરતી તક મળે અને અભ્યાસ અર્થે સાધન સહાય મળી રહે તેવા ઉદ્દેશ્યથી કન્યા કેળવણી નિધિ અંતર્ગત સહાય પુરી પાડવામાં આવે છે. રાજ્ય સરકારે મહિલાઓના વિકાસ પરત્વેની કાર્યદક્ષતા અને મહિલાઓને પ્રોત્સાહિત કરવાની સાથે નારી સશક્તિકરણ-આર્થિક સ્વાવલંબનની દિશામાં નવી રાહ કંડારી છે.

આ પ્રસંગે માતા યશોદા એવોર્ડ વિજેતા આંગણવાડી કાર્યકર બહેનો પોતાને મળેલ એવોર્ડની રકમ આંગણવાડીના વિકાસ અર્થે વાપરવાની વાત જણાવીને પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. રાષ્ટ્રીય સ્તરે રમતમાં ભાગ લેનાર મહિલા ખેલાડીએ સહાયની વાત જણાવી હતી. રમત ક્ષેત્રે મળેલી સ્કોલરશીપના કારણે અભ્યાસમાં આર્થિક મુશ્કેલીનું નિવારણ થયાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે ગુડાના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસાર સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લાકક્ષાએ હિંમતનગર તાલુકાના બલોચપુર ગામના આંગણવાડી કાર્યકર પરમાર કૈલાસબેનને રૂ. ૩૧ હજાર યશોદામાતા એવોર્ડ અને તેડાઘર પરમાર મનિષાબેનને રૂ. ૨૧ હજારના ચેક અને પ્રમાણપત્ર તથા મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાંથી ત્રિવેદી નિધિબેનને લેપટોપ તેમજ મહિલા ખેલાડી પટેલ નિતાબેનને રૂ. ૪૮૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

મહિલા સંમેલનમાં સાબરકાંઠા જિલ્લાની કુલ ૨૦ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માતા યશોદા એવોર્ડ અને પ્રમાણપત્રો, રાષ્ટ્ર, રાજ્ય અને જિલ્લા કક્ષાએ રમત ગમતક્ષેત્રે ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર ૨૪ મહિલા ખેલાડીઓને રૂ. ૮૮,૮૦૦ના પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેમલતાબેન પટેલ, જિલ્લા પંચાયત મહિલા અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રીમતી હેમલતાબેન પટેલ, સાબરકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી બંછાનિધિ પાની, અરવલ્લી જિલ્લા કલેક્ટરશ્રી બી.જે. ભટ્ટ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નાગરાજન સહિત તમામ તાલુકા સી.ડી.પી.ઓ. આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનો, મહિલા ખેલાડીઓ અને સખીમંડળની બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન